## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



સાહેબ, હવે વર્કફ્રોમ હોમ બંધ ન કરતા. મારી વાઈફને ફાવી ગયુ છે...એ હવે અહી નોકરી કરવા નહી આવવા દે..!

## ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે
# ગાંધીનગર જિલ્લામાંથી વાડોકાઈ કરાટેનાં ૪૨ ખેલાડીઓ પસંદગી પામ્યા

ગાંધીનગર.તા.૨૮
તાજેતરમાં ખેલ મહાકુંભની કરાટેની ગાંધીનગર શહેર અને જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાની ગાંધીનગર શાખાનાં વિવિધ શાળા-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાંથી જુદી જુદી ઉંમર અને વજન કેટેગરીમાં ભાઈઓ અને બહેનો મળીને કુલ ૪૨ ખેલાડીઓ વિજેતા બન્યા હતા. વિજેતા ખેલાડીઓ આગામી મે મહિનામાં યોજાનાર ખેલ મહાકુંભની રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં ભાગ લેશે.

આ ખેલાડીઓ વાડોકાઈ કરાટેનાં કોચ રેન્શી શ્રી ગૌરાંગ રાણા, રેન્શી શ્રી જિગ્નેશ ત્રિવેદી, રેન્શી શ્રી શૈલેષ આહિર, સેનસાઈ શ્રી દર્શન સુથાર, સેનસાઈ શ્રી હનુ પરમાર અને સેનસાઈ શ્રી અલ્પેશ રાઠોડનાં માર્ગદર્શનમાં સ્પોર્ટ્સ




કરાટેનો અભ્યાસ કરી રહ્યાં છે. તાજેતરમાં ફેડરેશનનાં હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલા ખેલાડીઓને રેન્શી શ્રી ગૌરાંગ રાણા દ્વારા જરૂરી માર્ગદર્શનની સાથે આગામી સમયમાં નિયમિત અભ્યાસ ચાલુ રાખવા પ્રેરણા આપવામાં આવી હતી. વિજેતા ખેલાડીઓને તથા તેમના કોચને ફેડરેશનનાં ચીફ ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદ ભાઈ રાણા તથા ઉપસ્થિત વાલીગણે અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર, મોખાસણનો ૩૨મો ભવ્ય પાટોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૮
શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ અંતર્ગત સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં સ્વામિનારાયણ મંદિર. મોખાસણનો ૩૨ મો પાટોત્સવ ભવ્ય ઉજવાયો સાથે ત્રિદિવસીય જ્ઞાનસત્રમાં દેશ વિદેશના હરિભક્તોએ લાભ લીધો હતો.

પર્યાવરણ-જીવદયાના કાર્ય માટે રૂ. ૨.૬૯ લાખનું દાન શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા ગ્રીન પ્લાનેટ સંસ્થાને અર્પણ કરાયું હતું. આ પ્રસંગે સંસદ સભ્ય નટુજી હાલાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. રૂપિયા ૫૧,૦૦૦ નું દાન સંસદ સભ્યે પણ ગ્રીન પ્લાનેટને આપ્યું હતું. ચકલીઓ માટે ૭૦૦ માળા, ૬૦૦ કુંડા, ૩૨૦ બર્ડ ફીડર પણ વિતરણ કરાયા હતા.

આ મહોત્સવમાં મહંત સદ્‌ગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામી, ડેપ્યુટી મહંત મુનિભૂષણદાસજી સ્વામી, દિલ્હીના મહંત ધર્મનંદનદાસજી સ્વામી વિગેરે વરિષ્ઠ સંત મંડળ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાને બે માસનું એક્ટેનશન આપવાનો નિર્ણય સરકારે કર્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજથી અને જિલ્લાની શાળાઓમાં ગુરૂવારથી મધ્યાહન ભોજન યોજનાનો આરંભ થશે.

● ગાંધીનગર મહાનગરના ૨૨ જેટલા કાઉન્સીલરો મેયર, ડે. મેયર સહિત ગોવા તાલિમ માટે આજે જવા રવાના થયા છે.

● માણસા એસ.જી. ચૌધરી વિદ્યાસંકુલ ખાતે ભાજપના જિલ્લા પ્રમુખ અનિલ પટેલ અને યુવા મોરચાની ટીમે પેન, પુષ્પ, ચોકલેટ અને સાકર પરીક્ષાર્થીઓને આપી શુભકામનાઓ આપી હતી.

● ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલ છેલ્લા બે સપ્તાહથી દર સપ્તાહે જે સમીક્ષા બેઠક યોજતા હતા તે મોકુફ કરી રહ્યા હોવાથી ચર્ચાનો મુદ્દો બન્યો છે.

● ગાંધીનગર શહેરના નગરજનો આજના હીટવેવને લઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● ગાંધીનગર તાલુકા ભાજપ દ્વારા ડભોડા ખાતે ટિફિન બેઠક યોજાઈ હતી.

● ૧૩ ગામ લેઉઆ પાટીદાર સમાજની કારોબારી સમિતિની બેઠક ગલુદણ તા. ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

● સરઢવ ગામે સરપંચ કિરીટ પટેલ અને ગામના આગેવાનોએ ધો. ૧૦ના વિદ્યાર્થીઓને મોં મીઠુ કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

● આજે વિધાનસભાની બે બેઠકો છે. બપોર પછીની બીજી બેઠકમાં નાણાં વિભાગની ચર્ચા હોવાથી ગિલોટીન લાગશે. અંદાજપત્ર પરની ચર્ચાનો આજે ૧૨મો અને અંતિમ દિવસ છે.

## આવતીકાલે સે.૧૫માં મહિલા આઈટીઆઈના નિખાર સલોન ખાતે હેરકટ સેમિનાર

**સેમિનારમાં કોઈપણ હેરકટ માત્ર રૂ.૫૦માં કરી અપાશે : પ્રથમ ૭૫ મહિલાઓ માટે સરપ્રાઈઝ ગિફ્ટ**

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે એલડીઆરપી કેમ્પસની બાજુમાં "ઔધોગિક તાલીમ સંસ્થા - મહિલા"દ્વારા મહિલાઓ માટે વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ કોર્સ ચલાવવામાં આવે છે જેના અભ્યાસ થકી તાલીમાર્થી મહિલાઓ આર્થિક ઉપાર્જન કરીને આત્મનિર્ભર બની શકે છે. આ સાથે મહિલા આઈટીઆઈ દ્વારા અભ્યાસ પૂર્ણ કરી ચુકેલી તેમજ હાલ અભ્યાસ કરી રહેલી તાલીમાર્થી મહિલાઓને વ્યવસાયિક અનુભવ સાથે આવક પણ મળી રહે તે હેતુથી ભાગવત કન્સલ્ટન્સી ગૃપના સહયોગથી કેમ્પસમાં જ એક વર્ષ કરતાં વધુ સમયથી "અદિતિ પ્રોડક્શન કમ સેલ્સ એન્ડ સર્વિસીઝ" નામનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આગામી તા.૩૦મી માર્ચ, બુધવારના રોજ સવારે ૧૦થી ૫ કલાક દરમ્યાન "અદિતિ" કેન્દ્રના નિખાર સલોન ખાતે મહિલાઓ માટે હેરકટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. હેરકટ સેમિનારમાં હેરકટીંગ માટે આવનાર તમામ મહિલાઓને



માત્ર રૂ.૫૦માં હેરકટ કરી આપવામાં આવશે જે પૈકી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત પ્રથમ ૭૫ મહિલાઓને સરપ્રાઈઝ ગિફ્ટ આપવામાં આવશે. આ સાથે "અદિતિ" કેન્દ્રના પ્લેટિનમ, ગોલ્ડ તેમજ સિલ્વર કાર્ડના સભ્ય બનવા પર આ દિવસે વધુ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ હેરકટ સેમિનારમાં કોઈપણ મહિલાઓ ભાગ લઈ શકે છે અને આ સેમિનાર અંગે વધુ માહિતી માટે મો.નં. ૯૪૨૭૫ ૨૬૯૪૮ પર કોલ કરીને સંપર્ક સાધી શકાશે.

## ઉવારસદ ગામે બાજી માંડીને બેઠેલા બે જુગારી ઝડપાયા : એક ફરાર

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામે હનુમાન ટોળી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુગારની બાડી માંડીને બેઠેલા બે જુગારીઓને પોલીસે રોકડા રૂ.૧૪,૫૨૦ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે એક જુગારી પોલીસને જોઈ ભાગી જવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે ત્રણ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો ઉવારસદ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બામતી મળી હતી કે ઉવારસદ ગામે હનુમાન ટોળી વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે.

જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડી જુગાર રમી રહેલા ઉવારસદ ગામના સુરેશજી રમણજી ઠાકોર અને ગણપતજી મહોતજી ઠાકોરને પકડી પાડ્યા હતા. જયારે પરેશ ઠાકોર ભાગી જવામાં સફળ રહ્યો હતો.

પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૧૪,૨૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૩૨૦ મળી કુલ રૂ.૧૪,૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ત્રણેય જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એલઆઈસીના ગાંધીનગર ડિવિઝન ખાતે કર્મચારીઓની હડતાળનો પ્રારંભ

**એલઆઇસીના આઇપીઓ સહિતના ખાનગીકરણ તરફના પ્રયાસનો વિરોધ કરવા બેદિવસીય દેશવ્યાપી હડતાળ : સે.૧૧માં કર્મચારીઓએ સુત્રોચ્ચાર કર્યા**

ગાંધીનગર, તા.૨૮
આજે ગાંધીનગરના સેક્ટર-૧૧માં ભારતીય જીવન






વિમા નિગમના જીવન પ્રકાશ બિલ્ડીંગ ખાતે કેન્દ્ર સરકાર દ્વારા એલઆઈસીના આઈપીઓ સહિતના ખાનગીકરણ તરફના પ્રયાસનો વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સવારે ૯.૩૦ વાગ્યાથી એકઠાં થયેલાં એલઆઈસી ઓફ ઈન્ડીયાના કર્મચારીઓએ પ્રવેશદ્વારે ગેટ મિટિંગ કર્યા બાદ સુત્રોચ્ચાર કર્યા હતા. એલઆઈસી ઓફ ઈન્ડીયાનામાં કાર્યરત વર્ગ-૩ તેમજ વર્ગ-૪ના સૌથી મોટા યુનિયન એઆઈઆઈઈએ દ્વારા તા. ૨૮ અને ૨૯ માર્ચ એમ બે દિવસની હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાબતે એઆઈઆઈઈએના જણાવ્યાં અનુસાર ભારત સરકાર જાહેર ક્ષેત્રોનો મોટાભાગની સંસ્થાઓનું ખાનગીકરણ કરવા જઈ રહી છે. ટુંક જ સમયમાં એલઆઈસીનો આઈપીઓ પણ લાવીને પાંચ ટકા જેટલો હિસ્સો બજારમાં વેચવા જઈ રહી છે. ઘણા વર્ષોથી એ આ ઈ આ ઈ ઈ એ ખાનગીકરણનો વિરોધ કરી રહ્યું છે છતાં પણ આજની મજબુત સરકાર એલઆઈસી જેવી નફો કરતી સંસ્થાનું પણ ખાનગીકરણ કરવા જઈ રહી છે. તદુપરાંત આપણે વીમાક્ષેત્રે એફડીઆઈની મર્યાદાના વિરોધમાં, એલ આઈ સીના આઈપીઓમાં એફડીઆઈના વિરોધમાં કરાર આધારિત ભરતીના વિરોધમાં તથા કર્મચારીઓની વિવિધ માંગણીઓને અનુલક્ષીને દેશવ્યાપી બેદિવસીય હડતાળનું આયોજન કરવામાં આવ્યું છે. આ હડતાળમાં ગાંધીનગર ડીવીઝનના કર્મચારીઓ પણ જોડાયાં હતા અને આજે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

# બોરીજ હત્યા પ્રકરણમાં રાજુ ઠાકોર સામે દુષ્કર્મની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર સર્કિટ હાઉસ પાછળ આવેલા બોરીજ ગામની પરિણિતાના ચકચારી હત્યા કેસમાં હત્યારા જેઠ ફુલાજીની સેકટર-૨૧ પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. ત્યારે આરોપી ફુલાજીની માતાએ બનાવની રાત્રે ઘરમાં ઘુસીને પુત્રવધુ પર દુષ્કર્મનો પ્રયાસ કરનાર રાજુ ઠાકોર સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. જેથી પોલીસે રાજુ ઠાકોરને પકડવા માટે ગતિવિધી તેજ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બોરીજ ગામની પરિણિતા નિકીતા રાહુલ ઠાકોરની હત્યા થતા ચકચાર મચી જવા પામી હતી. મૃતકના ભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી હતી. ત્યારે તપાસ દરમિયાન નિકતીના હત્યા તેના જેઠ ફુલાજીએ કરી હોવાનું સામે આવતા તેની ગઈકાલે ધરપકડ કરી લેવામાં આવી છે.જયારે બીજીતરફ પોલીસે બોરીજ હત્યા પ્રકરણનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો છે. જેથી મૃતકના સાસુ ભીખીબેન ઠાકોર રાજુ ઠાકોર સામે દુષ્કર્મનો પ્રયાસ અને ઘરમાં પ્રવેશ અંગે ગુનો નોંધાવ્યો છે. જેમાં ફરિયાદ મુજબ તેમના દિકરા રાહુલના લગ્ન નિકીતા સાથે ચાર વર્ષ અગાઉ થયા હતા. જયારેમોટા પુત્ર ફુલાજી સર્કિટ હાઉસમાં સિક્યુરીટીની નોકરી કરે છે. જેની પત્નીનું નામ ગીતા છે. બોરીજમાં ચાર રૂમવાળા અને ઓસરીવાળા ઘર આવેલુ છે. જેમાં પ્રથમ બે રૂમમાં રાહુલ ઠાકોર, નિકીતા અને ભીખીબેન સાથે રહે છે.જયારે પાછળના બે રૂમમાં ફુલાજી પત્ની અને બાળકો સાથે અલગ રહે છે. જયારે ચાર રૂમની વચ્ચે એક દરવાજો રાખવામાં આવ્યો છે પરંતુ બંધ રહે છે. જયારે ફુલાજીને આવન-જાવન માટે છેલ્લા રૂમના દરવાજાની બાજુમાં એક દરવાજો રાખેલો છે. ગત તા.૨૫ માર્ચના રોજ કુટુંબી સગાના ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી ગરબા અને જમણવાર રાખ્યો હતો. જેથી રાહુલ રસોડે ગયો હતો, અને ફુલાજી તેમજ તેની પત્ની મેલડી માતાના મંદિરે ગયા હતા. ત્યારે આશરે દશ વાગ્યાના અરસામાં નિકિતાના સાસુ પૌત્રી સાથે ઓશરીમાં સુઈ ગયા હતા. જયારે નિકીતા રૂમમાં સુઈ ગઈ હતી. જયારે બાર વાગ્યાના અરસામાં ફુલાજી અને તેની પત્ની પણ ઘરે આવી સુઈ ગયા હતા. પરંતુ રાહુલ ઠાકોર ઘરે આવ્યો ન હતો, ત્યારે રાત્રીના ત્રણ વાગ્યાના સુમારે તેના રૂમમાંથી અવાજ આવતા ભીખીબેન જાગી ગયા હતા અને નિકીતા-રાહુલની બુમો પાડી હતી પરંતુ કોઈએ દરવાજો ખોલ્યો ન હતો. જેથી ભીખીબેને તેમના મોટા દિકરા ફુલાજી અને તેની પત્નીને બોલાવ્યા હતા. રૂમનો દરવાજો ખોલવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. તે સમયે અચાનક ઘરના પાછળનો દરવાજો ખોલવાનો આવાજ આવતા બધા પાછળ તરફ ગયા હતા. જયાં રાજુ ઠાકોર ભાગી રહ્યો હતો. જેને ફુલાજીને પકડી પાડી લાફા ઝીકી દીધા હતા. ત્યારબાદ તે ફુલાજીના હાથમાંથી છટકી ગયો હતો. જેથી ત્રણેય જણા નિકિતાના રૂમમાં ગયા હતા, જેથી નિકીતા ગભરાયેલી હાલતમાં હતી તે સમયે ફુલાજીએ પુછપરછ કરતા તેણે કહ્યું કે રાજુ સાથે કોઈ આડા સંબંધ નથી, રાજુ બજરજસ્તી રૂમમાં ઘુસી આવ્યો હતો અને બાથમાં લઈ દુષ્કર્મની કોશીશ કરી હતી. આ શબ્દો સાંભળી ફુલાજી ઉશ્કેરાઈ ગયા હતા અને નિકિતાને ખોટો બચાવ કરતી હોવાનું કહી ગળુ દબાવી ફેંટો અને લાફા માર્યા હતા. જેથી નિકીતા જમીન પર ઢળી પડતા નાકમાંથી લોહી વહી રહ્યું હતું.ત્યારે રાહુલને બોલાવી નિકીતાને સારવાર માટે લઈ ગયા હતા.જયાં ફરજ પરના ડોકટરે નિકિતાને મરણ જાહેર કરી હતી. જેથી ભીખીબેનની ફરીયાદને પગલે રાજુ ઠાકોર સામે પણ દુષ્કર્મ પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# યુથ કોંગ્રેસના ૨૫૦ કાર્યકરોની અટકાયત

**પોલીસ અને તંત્ર દ્વારા સ્વાભિમાન રેલીને મંજુરી અપાઈ ન હતી, કાર્યકરોએ સુત્રોચ્ચાર અને પ્લેકાર્ડ દર્શાવી વિરોધ પ્રદર્શિત કર્યો, કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ, ટીંગાટોળી કરીને કાર્યકરોને વાહનમાં બેસાડ્યા,ઘ-૦ પાસેથી કોંગ્રેસના કાર્યકરોની અટકાયત**




ગાંધીનગર, તા.૨૮
પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા યુવા સ્વાભિમાન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ યુવા સ્વાભિમાન સંમેલનનો તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી નથી. ત્યારે પાટનગરના ઘ-૦ ખાતે કોંગ્રેસના યુવા કાર્યકરોએ સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરતા ટીંગાટોળી કરી તેમની અટકાયત કરવામાં આવી હતી. તેમ છતા શહેરના માર્ગો અને પ્રવેશદ્વાર પર પોલીસનો ચુસ્ત પહેરો ગોઠવી દેવાયો હતો. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લામાંથી કોંગ્રેસના ૨૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયમાં વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. જેથી કોંગ્રેસ વિવિધ મુદ્દાઓને રાજયની ભાજપ સરકારને ઘેરવા માટે પ્રયાસ કરી રહી છે. આજે યુથ કોંગ્રેસ દ્વારા સ્વાભિમાન સંમેલનનું આયોજન કરાયું હતું. જેમાં રાજયભરમાંથી યુવાનોને એકત્ર કરી સરકારની યુવા વિરોધી નિતી સામે બંડ પોકારવાનું આયોજન કરાયુ હતું. પરંતુ પોલીસ કે તંત્ર દ્વારા સંમેલનને મંજુરી આપવામાં આવી નથી, જેને પગલે શહેરના ઘ-૦ પાસે આવી પહોંચેલા કોંગ્રેસના યુવા કાર્યકરો સુત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન કરતા પોલીસે કાર્યકરોની અટકાયત કરી હતી. જયારે યુવા કાર્યકરો માર્ગ પર અડીંગો જમાવી બેસી જતા પોલીસ જવાનોએ ટીંગાટોળી કરી કાર્યકરોને વાહનમાં બેસાડ્યા હતા. જો કે કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. કોંગ્રેસના સ્વાભિમાન સંમેલનને પગલે સવારથી જ શહેરમાં પોલીસનો લોખંડી પહેરો ગોઠવી દેવાયો છે. શહેરના તમામ પ્રવેશદ્વાર પર વાહન ચેકીંગ અને કરીને અટકાયતી પગલા ભરાયા હતા. જયારે ગાંધીનગર જિલ્લામાંથી અંદાજીત ૨૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જયારે સંમેલનને પગલે ઘ-૦ પાસે વાહન ચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જયારે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જયારે પોલીસ તંત્ર દ્વારા ગણતરીના સમયમાં ટ્રાફિક હળવો કરી દેવાયો હતો.

## શહેરના ગ-૨ પાસે બેસી રહેલી મહિલાને અલ્ટો કાર ટકરાઈ

ગાંધીનગર, તા.૨૮
શહેરના સર્કલો પર વાહનો ચડી જવાની વાત નવાઈની નથી, ત્યારે ગતરોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં ગ-૧ તરફથી ગ-૨ તરફ આવી રહેલી અલ્ટો કાર નં. જી.જે.૧૮.બી.એચ.-૫૯૨૯ ના ચાલકે કાબુ ગુમાવતા સર્કલ પાસે એક વેગન આર કારને પાછળથી ટક્કર મારી સેકટર-૫ એ ગ-૨ ના કોર્નર પર ગલ્લાની બાજુમાં બેઠેલા મહિલા પણ અડફેટે આવી ગયા હતા. જેથી મહિલાને ઈજા પહોંચતા સારવા માટે લઈ જવાયા હતા.જયારે અલ્ટો કાર ઝાડ સાથે ટકરાતા કારનો આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. જો કે




કારમાં સવાર વ્યકિતનો આબાદ બચાવ થયો હતો. જો કે કાર થોડી આગળ ગઈ હોત તો તંત્ર દ્વારા ખોદેલા ઉંડા ખાડામાં ખાબકવાની શક્યતા હતી. જો કે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકોના ટોળા ઉમટી પડ્યા હતા.

## સુઘડ ગામની સીમમાંથી ત્રણ શકુની ઝડપાયા

ગાંધીનગર,તા.૨૮
ગાંધીનગર સુઘડ ગામની સીમમાં શ્રી બાલાજી રેસીડેન્સીની પાછળ ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળુ કરીને જુગાર રમી રહેલા ત્રણ જુગારીને અડાલજ પોલીસે પકડી પાડી રૂ.૧૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે જુગારધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો કોબા આઉટ બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે સુઘડ ગામની સીમમાં શ્રી બાલાજી રેસીડેન્સીની પાછળની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસે સ્થળ પર રેઈડ પાડી ગોળ કુંડાળુ વળીને જુગાર રમી રહેલા સાબરમતિ ડી કેબીન મકાન નં.૪૮ હરીઓમ નગર ખાતે રહેતા રમેશભાઈ બાબુભાઈ સોલંકી, સુઘડ ગામના ડભોડીયા વાસ ખાતે રહેતા રણછોડ ભીખાજી ઠાકોર, અને ચાંદખેડા રહેતા પ્રવિણ દુધાભાઈ પરમારને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા તેમની પાસેથી રોકડા રૂ.૮,૩૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૭૨૦ મળી કુલ રૂ.૧૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કેદીઓને સારા નાગરિક બનાવવાની મહત્વપૂર્ણ જવાબદારી જેલ સહાયકોના શિરે : હર્ષ સંઘવી

**અમદાવાદ જેલ સ્ટાફ ટ્રેનિંગ સ્કૂલના પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૯૬ જેલ સહાયક તાલીમાર્થીઓનો દિક્ષાંત પરેડ સમારોહ યોજાયો**



ગાંધીનગર, તા. ૨૮
અમદાવાદની જેલ સ્ટાફ તાલીમ શાળાના પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૨માં દીક્ષાંત પરેડ સમારોહને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે કેદીઓને સારા નાગરિક બનાવવાની મહત્વપૂર્ણ જવાબદારી તાલીમબદ્ધ જેલ સહાયકોના શિરે રહેલી છે.

અમદાવાદના જેલ સ્ટાફ ટ્રેનિંગ સ્કૂલના પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૯૬ જેલ સહાયક તાલીમાર્થીઓના દિક્ષાંત પરેડ સમારોહને સંબોધતા ગૃહ રાજ્યમંત્રીએ જેલ-સ્ટાફની બદલાયેલી ભૂમિકા સ્પષ્ટ કરતા કહ્યું કે સ્વતંત્રતા પૂર્વે જેલમાં આવતા કેદીઓમા મોટાભાગે સ્વાતંત્ર્યવીરો હોતા, પણ આજે સમાજ-જીવનમાં અશાંતિ ઉભી કરતા અથવા ખલેલ પહોંચાડતા વ્યક્તિઓ કેદી તરીકે આવે છે. ત્યારે તેમને પણ સારા નાગરિક બનાવવાનું મહત્વનું કાર્ય જેલ-સ્ટાફે કરવાનું છે. તેમણે તાલીમાર્થીઓને અનુરોધ કરતાં કહ્યું કે તાલીમ દરમિયાન મેળવેલું જ્ઞાન આપના રોજબરોજના કાર્યમાં ઉપયોગમાં લેશો. તેમણે એમ પણ કહ્યું કે આપ હવે જેલની કરોડરજ્જુ સમાન છો.

હર્ષ સંઘવીએ જેલ સ્ટાફનુ મહત્વ રેખાંકિત કરતાં કહ્યું કે આપણે કેદીના જીવનમાં પરિવર્તન આણી સમાજ-પરિવર્તનમાં પોતાનું યોગદાન આપી શકીએ છીએ.

ગૃહ રાજયમંત્રીએ ગુજરાતની જેલમાં થઈ રહેલી નમૂનારૂપ કામગીરીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે વડોદરા જેલમાં કેદીઓ દ્વારા ફર્નિચર બનાવવામાં આવે છે, જ્યારે સુરતની જેલમાં કેદીઓ દ્વારા જે હીરા ઘસવામાં આવે છે તે દેશ-વિદેશમાં મોકલવામાં આવે છે, જે ગૌરવપૂર્ણ બાબત છે. તેમણે ગુજરાતની જેલમાં લાયબ્રેરી, રેડિયો સ્ટેશન અને જિમ જેવી વિકસાવાયેલી સુવિધાઓનો પણ આ તકે ઉલ્લેખ કર્યો હતો.

આ દીક્ષાંત પરેડ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે અધિક મુખ્ય સચિવ રાજકુમાર, અધિક પોલીસ મહાનિર્દેશક ડો. કે. એલ.એન રાવ, જેલ તાલીમ શાળાના પ્રિન્સિપાલ નસીરુદ્દીન લુહાર તેમ જ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

CNR No.MHLC040009102014 **Publication**
Adv. Pratima Naik
Summons for Disposal of Appln. (Rule-23)
W.C.Rules (1924 Claim Rs.
IN THE COURT OF THE COMMISSIONER FOR WORKMEN'S COMPENSATION.
IN THE IInd LABOUR COURT AT THANE.
BEFORE SMT. T.A.SAWANT, JUDGE
APPLICATION (WCA) No. 387/C-76/2014
Shri Deepak Prasad Sukhari Prasad.. Applicant/s
V/s.
Shri Mukesh S. Sharma & Ors .. Opponents
**NOTICE**
WHEREAS, the above named applicant has presented an application in this Court against you for compensation in respect of the injuries received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying copy of the application, you are hereby summoned to appear in this Court, in person are by a pleader or any other person duly authorised in writing and able to answer all material questions relating to the application of who shall be accompanied by some other person able to answer all such questions on Dt.30/04/2022 at 11.00 a.m. to answer the claim and as the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence and all the documents upon which you intent to relay in support of your defense. Under rule 27 of the Workmen's Compensation Rules, 1923, you are hereby required to file written statement IN DUPLICATE on or before Dt. 30/04/2022.
Take notice that in default of your appearance on the day before mentioned the application will be heard and determined in your absence.
No. 966, Office of the Labour Court
Office Complex M.I.D.C. Bldg.,2nd & 3rd Floor, Mulund Check Naka, Thane (W) - 400 604
Dt.: 05/03/2022 App/09.02.2022/U-11
To
1) Shri Mukesh S. Sharma
At: A-B-8, Tirth Bunglow BS HDFC Bank, Near Nipan Nagar, Link Road, Bharuch Head Post Office, Bharuch, Bharuch-392001, State Gujrat.
By Order
Court Seal
I/c. Secretary,
Labour Court, Thane